### ખેડાના ચિત્રાસરમાં વાત્રક નદીના પટ્ટમાં ભૂમાફિયાઓ પર રાત્રિના ખાણ-ખનિજ વિભાગ ત્રાટક્યું

# ખેડામાં ખનન માફિયા પર દરોડો, ૨.૫૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરાયો

**ખાણ - ખનિજ** વિભાગે ૧ એક્સેવેટર અને રેતી ભરેલા ૮ ડમ્પર સહિત ૯ વાહનો સીઝ કર્યા





(પ્રતિનિધિ) ખેડા તા.૨૭

ખેડા જિલ્લામાં વાત્રક અને સાબરમતી પટ્ટમાંથી ગેરકાયદેસર રીતે રેતીની ચોરી કરતા ભૂમાફિયાઓ સામે ખાણ અને ખનિજ વિભાગે લાલ આંખ કરી છે. ખેડા તાલુકાના ચિત્રાસર ગામેથી પસાર થતી વાત્રક નદીના પટ્ટમાં અધરાતે ધમધમતા રેતી ચોરીના વ્યવસ્થિત કૌભાંડ પર ખાણ-ખનિજ વિભાગની ટીમે ઓચિંતી રેડ પાડીને ૨.૫૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી ભૂમાફિયાઓમાં ભારે ફફડાટ મચાવી દીધો છે.

ખેડા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી રાત્રિના અંધારાનો લાભ ઉઠાવીને ભૂમાફિયાઓ દ્વારા નદીમાંથી રેતી ચોરવાનું વ્યવસ્થિત કૌભાંડ ચલાવવામાં આવી રહ્યું હતું. તેવામાં ખેડા તાલુકાના ચિત્રાસર ગામ પાસેથી પસાર થતી વાત્રક નદીમાંથી રાત્રિના સમયે મોટા પાયે રેતી ચોરી થતી હોવાની માહિતીના આધારે ખેડા જિલ્લા ખાણ-ખનિજ વિભાગની ટીમે ઓચિંતી રાત્રિ રેડ પાડી હતી.

આ દરોડા દરમિયાન નદીના પટ્ટમાંથી બિનઅધિકૃત રીતે સાદી રેતીનું ખનન કરી તેનું વહન કરવામાં આવી રહ્યું હોવાનું ધ્યાને આવતાં સ્થળ પર હાજર ટીમે કડક કાર્યવાહી કરી હતી. ખાણ-ખનિજ વિભાગે સ્થળ પરથી ખનન કાર્યમાં વપરાતું ૧ ઇટાચી કંપનીનું એક્સેવેટર અને સાદી રેતી ભરીને જઈ રહેલા ૮ ડમ્પર મળીને કુલ ૯ વાહનો જપ્ત કર્યા હતા.

આ અટકાયત કરાયેલા ૧ ઇટાચી એક્સેવેટર અને ૮ ડમ્પરને ખેડા કેમ્પ ખાતે લાવી ખેડા ટાઉન પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં મુકવામાં આવ્યા છે. આ સમગ્ર કાર્યવાહી દરમિયાન અંદાજે ૨.૫૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### વડતાલ ધામમાં શરદોત્સવ નિમિત્તે મહારાસ ઉત્સવ યોજાયો





વડતાલ ધામ ખાતે મદનમોહનજી મહારાજના મહોત્સવ અને શરદોત્સવ પ્રસંગે આસો સુદ 14ની રાત્રે ૯થી ૧૨ વાગ્યા દરમિયાન ભવ્ય મહારાસનું આયોજન કરવામાં આવ્યું હતું. કલાકુંજ ઓરકેસ્ટ્રાની મધુર સુરાવલીઓ વચ્ચે વાજતે-ગાજતે નીકળેલી ઠાકોરજીની પાલખી યાત્રા, પૂજન વિધિ અને આરતી બાદ સંતો, પાર્ષદો તથા હરિભક્તોએ રાસની રમઝટ બોલાવી હતી. વડતાલ મંદિરના ચેરમેન ડો. સંત વલ્લભદાસજી સ્વામી અને મુખ્ય કોઠારી દેવપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણાથી યોજાયેલા આ ઉત્સવમાં સુરતના રઘુભાઈ માંગકીયા યજમાન બન્યા હતા. મહિલા મંડપમાં ગાદીવાળાની નિશ્રામાં બહેનો દ્વારા ગરબાની રમઝટ બોલાવાઈ હતી

## મોટા ખાનપુરમાં ૧.૯૭ લાખની મત્તાની ચોરી

(પ્રતિનિધિ) ખાનપુર, તા.૨૭

ખાનપુર તાલુકાના મોટા ખાનપુર ગામે આવેલા ટીમ્બા ફળિયામાં તસ્કરોએ એક બંધ રહેણાંક મકાનનો મુખ્ય નકૂચો તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળી કુલ ૧,૯૭,૧૦૦ની મત્તા ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ બનાવ અંગે બાકોર પોલીસ મથકે અજાણ્યા ચોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મોટા ખાનપુરના ટીમ્બા ફળિયામાં રહેતા ૫૩ વર્ષીય ખેડૂત મોહનસિંહ વજેસિંહ માલીવાડ પોતાના પરિવાર સાથે જૂના મકાનમાં વસવાટ કરે છે. તેઓના ઘરનો તમામ સામાન વેરવિખેર પડ્યો હતો અને આગળના રૂમમાં મૂકેલી બંને તિજોરીઓ ખુલ્લી હાલતમાં હતી. મુખ્ય દરવાજાનો નકૂચો પણ તૂટેલો હતો. તિજોરીમાં મૂકેલી મોટી સૂટકેસમાંથી તપાસ કરતા ૧૩ નંગ સોનાના નાના-મોટા દાગીના (આશરે ૪૭ ગ્રામ, કિંમત ૧,૨૦,૮૦૦), ચાંદીના છડા, આંકડા અને લક્કી સહિતના દાગીના (આશરે ૧૪૦૦ ગ્રામ, કિંમત ૫૬,૦૦૦), એક સફેદ રૂમાલમાં વીંટેલા રોકડા ૮,૦૦૦, બે નંગ એક ગ્રામ ઢોળવાળા મંગળસૂત્ર (કિંમત ૩,૮૦૦), ગળાનો સેટ (કિંમત ૫,૦૦૦) તેમજ પાંચ નંગ સાડી અને બે નંગ ચણિયાચોળી (કિંમત ૩,૫૦૦) મળી કુલ ૧,૯૭,૧૦૦ની ચોરી થઈ હોવાનું જણાયું હતું. બનાવની જાણ થતાં આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. આ મામલે બાકોર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## આણંદ: 'PM-Kisan ઉત્સવ દિન' અને એકતા દિવસ'ની ઉજવણીની સમીક્ષા બેઠક મળી

**મંત્રીશ્રીએ આ** કાર્યક્રમના સુચારૂ આયોજનની સમીક્ષા કરી



(પ્રતિનિધિ) આણંદ તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ગુજરાત રાજ્યના પ્રવાસ દરમિયાન 30મી ઓક્ટોબરના રોજ 'PM-Kisan ઉત્સવ દિન' અને 31મી ઓક્ટોબરના રોજ 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણી કરવામાં આવશે.

આ સાથે આણંદ જિલ્લામાં પણ બન્ને દિવસે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે કાર્યક્રમોના સુચારૂ આયોજન અર્થે આણંદ જિલ્લાના પ્રભારી મંત્રી સંજયસિંહ મહિડાના અધ્યક્ષતામાં આણંદ કલેક્ટર કચેરી ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી.

તારીખ 30 ઓક્ટોબર ના રોજ પીએમ કિસાન ઉત્સવ દિવસે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા બનાસકાંઠા જિલ્લા ખાતેથી ખેડૂતોના ખાતામાં 24 મો હપ્તો DBT ના માધ્યમથી જશે જે સીધા જ ખેડૂતોના ખાતામાં જમા થશે. આણંદ ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ અક્ષર ફાર્મ આણંદ ખાતે યોજાશે જેમાં પ્રધાનમંત્રીના કાર્યક્રમના લાઈવ પ્રસારણને નિહાળવામાં આવશે.

આણંદ જિલ્લાના પ્રભારી મંત્રી સંજયસિંહ મહિડા આણંદ જિલ્લામાં બે દિવસ દરમિયાન યોજાનાર વિવિધ કાર્યક્રમોમાં સહભાગી બનશે જેમાં તારીખ 31 ઓક્ટોબરના રોજ સવારે કરમસદ મેમોરિયલ ખાતેથી નીકાળના યુનિટી યાત્રાને ફ્લેગ ઓફ કરશે આ યાત્રા કરમસદ મેમોરિયલ ખાતેથી સરદાર હાઉસ સુધી જશે. તારીખ 31 ઓક્ટોબરના રોજ વલ્લભ વિદ્યાનગર ઈપ્કોવાલા ઓડિટોરિયમ ખાતે યોજાનાર કાર્યક્રમમાં સવારે 11:00 કલાકે મંત્રીશ્રી ઉપસ્થિત રહેશે જ્યારે બપોર બાદ આકલાવ તાલુકાના ભેટાસી તળપદ ગામે આંગણવાડીનું લોકાર્પણ મંત્રી સંજયસિંહ મહિડાના હસ્તે કરવામાં આવશે. મંત્રીશ્રીએ આ કાર્યક્રમમાં સામાજિક આગેવાનો, પ્રતિષ્ઠ વ્યક્તિઓ અને નાગરિકો જોડાવા અનુરોધ કર્યો હતો અને મંત્રીશ્રીએ આ કાર્યક્રમના સુચારૂ આયોજનની સમીક્ષા કરી સંતોષ વ્યક્ત કર્યો હતો.

## વસો પાસે બે ટુ વ્હિલર અથડાતાં ત્રણ ઘવાયાં

**ખેતરે જઈ** રહેલા એક્ટિવા સવાર સાથે સામેથી આવતી બાઈક અથડાઈ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૨૭

વસોના ઝારોલ ગામથી દેગામ જવાના રોડ પર એક્ટિવા અને બાઈક વચ્ચે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં બંને વાહનોના ચાલકો સહિત કુલ ત્રણ લોકોને ઈજાઓ પહોંચી છે. આ બનાવ અંગે વસો પોલીસ મથકે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વસો તાલુકામાં આવેલા ઝારોલ ગામના રહેવાસી અજીતભાઈ ઠાકોરભાઈ સોલંકી ગઈકાલે સવારે પોતાનું એક્ટિવા લઈને ખેતરમાં જવા માટે નીકળ્યા હતા. આ દરમિયાન ઝારોલ-દેગામ રોડ પરથી તેઓ પસાર થઈ રહ્યા હતા ત્યારે દેગામ તરફથી આવી રહેલી એક મોટરસાયકલ એક્ટિવા સાથે અથડાઈ હતી.

આ અકસ્માતમાં બંને વાહનોના ચાલકો તેમજ મોટરસાયકલની પાછળ બેઠેલા ઈસમ રોડ પર પટકાઈ પડ્યા હતા. અકસ્માતને પગલે એક્ટિવા ચાલક અજીતભાઈ સોલંકી, બાઈક ચાલક હિતેશભાઈ ધુળાભાઈ સોલંકી તથા મોટરસાયકલ પાછળ બેઠેલા પ્રીતમભાઈને શરીરે ઈજાઓ થતાં ત્રણેયને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટના સંદર્ભે ઈજાગ્રસ્ત અજીત ઠાકોરભાઈ સોલંકીની ફરિયાદના આધારે વસો પોલીસે મોટરસાયકલ ચાલક સામે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ શરૂ કરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદની શાળાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં 'સ્માર્ટ બાથરૂમ' પ્રોજેક્ટ પ્રથમ ક્રમે રહ્યો

**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ શિશુવિહાર અને બાલશાળા, આણંદના વિદ્યાર્થીઓ



દક્ષ ચૌહાણ અને આદિત્ય મહિડાએ બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન 2026-27 માં પ્રથમ સ્થાન મેળવ્યું છે. શિક્ષિકા હિનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલ જીવનરક્ષક - સ્માર્ટ બાથરૂમ ફોર ઓલ્ડ એજ પ્રોજેક્ટે વિભાગ-3 (આરોગ્ય અને સ્વચ્છતા) માં આ સિદ્ધિ હાંસલ કરી છે. ડાયેટ આણંદ અને સીઆરસી આણંદ-14 દ્વારા યોજાયેલા આ પ્રદર્શનમાં સફળતા બદલ સંસ્થાના પદાધિકારીઓ અને આચાર્યએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### બાકરોલ સ્થિત સ્પેક ખાતે પ્લેસમેન્ટ ટોક અને હેન્ડ્સ-ઓન ટ્રેનિંગનું આયોજન કરાયું

**આણંદ** | બાકરોલ સ્થિત સ્પેક - એમબીએના પ્લેસમેન્ટ સેલ દ્વારા એમ.બી.એ. ના વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટ ટોક તથા હેન્ડ્સ-ઓન



ટ્રેનિંગ યોજાઈ હતી. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા મિર્વિક્સ ઇન્ટિગ્રેશન સોલ્યુશન્સના એચ.આર. મેનેજર અનિશા સુથારે ઇન્ટરવ્યૂ પ્રક્રિયા, ATS અને રિઝ્યૂમે સુધારણા અંગે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓએ હેન્ડ્સ-ઓન ટ્રેનિંગ અને પ્રશ્નોત્તરી સત્રમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈને ઇન્ટરવ્યૂ સંબંધિત શંકાઓનું નિરાકરણ મેળવ્યું હતું. ડિરેક્ટર ડો. વિશાલ પાટીદાર તથા પ્લેસમેન્ટ ટીમના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ સફળ આયોજન બદલ સેક્રેટરી શીતલ પટેલ અને ટ્રસ્ટીગણે શુભેચ્છાઓ પાઠવી હતી.

ગુજરાતમિત્ર

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભુવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### નડિયાદમાં 'આઉટડોર ઓલિમ્પિક્સ - ટુગેધર વી બિલ્ડ' યુથ ઓલિમ્પિક્સ યોજવામાં આવી

**નડિયાદ** | શહેરના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ સહિત ચાર સ્થળોએ યુવાનોમાં



રમતગમત, શિસ્ત અને એકતાને પ્રોત્સાહન આપવા 'આઉટડોર ઓલિમ્પિક્સ - ટુગેધર વી બિલ્ડ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવનો પ્રારંભ ઓલિમ્પિક પ્રતીક, ફુગ્ગાઓ અને મશાલ પ્રજ્વલિત કરીને પ્રતીકાત્મક રીતે કરવામાં આવ્યો હતો. મુખ્ય મહેમાન ફાધર રોકી પિન્ટો તથા ઉપસ્થિત રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાના ખેલાડીઓએ યુવા સ્પર્ધકોને રમતગમત ક્ષેત્રે આગળ વધવા પ્રેરણા પૂરી પાડી હતી. વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બનેલા ખેલાડીઓને મેડલ અને ટીમોને ટ્રોફી એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

### ખંભાતના કંસારી કૃષિ સંશોધન કેન્દ્ર ખાતે નવી ઓફિસ અને પ્રયોગશાળા ભવનનું ખાતમુહૂર્ત

**ખંભાત** | આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકના કંસારી કૃષિ સંશોધન



કેન્દ્ર ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ જીલુભા સિંધાના વરદહસ્તે નવી ઓફિસ અને પ્રયોગશાળા ભવનનું શાસ્ત્રોક્ત ભૂમિપૂજન યોજાયું હતું. આ કાર્યક્રમમાં કુલપતિ ડો. એમ. પી. પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ સંજયભાઈ પટેલ, સરપંચ રેશ્માબેન તેમજ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. આ કેન્દ્ર ખાતે ક્ષારગ્રસ્ત જમીન માટે ક્ષાર સહનશીલ પાકની જાતો તથા વિવિધ મુખ્ય પાકોમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિઓ અંગે વિશેષ સંશોધન હાથ ધરવામાં આવી રહ્યું છે.

### કરમસદની શ્રીકૃષ્ણ હોસ્પિટલમાં 28 કરોડના ખર્ચે અદ્યતન ઇમેર્જિંગ સેન્ટરનો પ્રારંભ કરાયો



**આણંદ** | ચારુતર આરોગ્ય મંડળ પ્રાયોજિત શ્રીકૃષ્ણ હોસ્પિટલ ખાતે 'ઈસણાવ નિવાસી મોતીભાઈ અને જીબાબેન પટેલ ઇમેર્જિંગ સેન્ટર'નું વર્ષાબેન અરવિંદભાઈ પટેલના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. એનઆરઆઈ દાતા અરવિંદભાઈ પટેલના આશરે 20 લાખ અમેરિકન ડોલર (કુલ 28 કરોડ)ના આર્થિક સહયોગથી આકાર પામેલા આ સેન્ટરનું નિર્માણ માત્ર 10 મહિનામાં પૂર્ણ કરાયું છે. આ આધુનિક સુવિધાઓથી ચરોતર અને સમગ્ર ગુજરાતના દર્દીઓને કેન્સર, હૃદયરોગ તથા ન્યુરોલોજી જેવા ગંભીર રોગોનું સચોટ અને ઝડપી નિદાન સુલભ બનશે.

### આણંદની ડીએન હાઇસ્કૂલના ત્રણ વરિષ્ઠ શિક્ષકોનો ત્રિવિધ નિવૃત્તિ વંદના સમારોહ યોજાયો

**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત ડી.એન. હાઇસ્કૂલ ખાતે વયનિવૃત્ત થતાં ત્રણ વરિષ્ઠ શિક્ષકો નીતાબેન, ભૂતપૂર્વ



ઇન્ચાર્જ આચાર્ય ખુશાલદાસ સિંધી અને સુપરવાઇઝર સંજયભાઈ બ્રહ્મભટ્ટનો ભાવસભર ત્રિવિધ વિદાય વંદના સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે સોસાયટીના હોદ્દેદારો, આચાર્ય ગિરીશભાઈ પટેલ, શિક્ષકો અને સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સૌએ આદરણીય ગુરુજનોના સેવાકાળના સંસ્મરણો વાગોળ્યા હતા. અંતમાં નિવૃત્ત થતા ગુરુજનોને દીર્ઘાયુ અને સ્વસ્થ નિવૃત્ત જીવનની હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### મહીસાગરના ધામણિયા અને હાંડીયામાં નવનિર્મિત આયુષ્માન આરોગ્ય મંદિરોનું લોકાર્પણ

**લુણાવાડા** | મહીસાગર જિલ્લાના ધામણિયા અને હાંડીયા ખાતે આશરે રૂ. 90 લાખના ખર્ચે તૈયાર કરાયેલા બે નવનિર્મિત આયુષ્માન



આરોગ્ય મંદિર ભવનોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. ધામણિયા અને હાંડીયા ખાતે યોજાયેલા કાર્યક્રમોમાં જિલ્લા પંચાયત પ્રમુખ, સ્થાનિક જનપ્રતિનિધિઓ અને આરોગ્ય અધિકારીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ નવનિર્મિત ભવનો દ્વારા ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને ઘરઆંગણે જ સુલભ અને ગુણવત્તાયુક્ત પ્રાથમિક આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થશે. આ નવીન સુવિધાઓથી માતા અને બાળ આરોગ્ય, રોગોના વહેલા નિદાન તથા આરોગ્ય તપાસણીની કામગીરી વધુ સુદૃઢ બનશે.

### લુણાવાડા ખાતે 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' હેઠળ ભોજન વિતરણ કેન્દ્રનો પ્રારંભ થયો

**લુણાવાડા** | લુણાવાડા ખાતે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત



ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' હેઠળ નવા કાયમી ભોજન વિતરણ કેન્દ્રનો વિધિવત શુભારંભ કરવામાં આવ્યો છે. જિલ્લા પ્રભારી મંત્રી પી. સી. બરંડાના અધ્યક્ષસ્થાને યોજાયેલા લોકાર્પણ સમારોહમાં ઈ-નિર્માણ કાર્ડધારક શ્રમિકો અને તેમના પરિવારજનો માટે ભોજન વિતરણનો પ્રારંભ કરાયો હતો. આ યોજના હેઠળ બાંધકામ ક્ષેત્રના શ્રમિકોને માત્ર 5/- ના રાહત દરે શુદ્ધ, પૌષ્ટિક અને ગરમ ભોજન પૂરું પાડવામાં આવશે, જેથી કડિયાનાકાના શ્રમિકોને દૈનિક ધોરણે મોટી આર્થિક રાહત મળશે.

### મહીસાગર જિલ્લામાં ખેલ મહાકુંભમાં અંડર-૧૭ કબડ્ડીમાં નીલકંઠ વિદ્યામંદિર પ્રથમ રહી



**લુણાવાડા** | ખેલ મહાકુંભ ૨૦૨૬ અંતર્ગત યોજાયેલા મહીસાગર જિલ્લા કક્ષાની અંડર-૧૭ (ભાઈઓ) કબડ્ડી સ્પર્ધામાં નીલકંઠ વિદ્યામંદિર, લીમડીયા ચોકડી (ગાંગટા) ના વિદ્યાર્થીઓએ પ્રથમ ક્રમ હાસિલ કર્યો છે. જિલ્લા કક્ષાએ વિજેતા બન્યા બાદ હવે આ ટીમ આગામી દિવસોમાં યોજાનાર રાજ્ય કક્ષાની અંડર-૧૭ કબડ્ડી સ્પર્ધામાં મહીસાગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આ ઝળહળતી સિદ્ધિ બદલ શાળાના આચાર્ય સંદીપભાઈ પટેલ, સંચાલક મંડળ, કોચ છગનભાઈ રાઠવા અને સંકુલ પરિવારે વિજેતા ખેલાડીઓને અભિનંદન તથા શુભેચ્છાઓ પાઠવી છે.

### બીવીએમ કોલેજ ખાતે 'ગ્રીન હાઇડ્રોજન એન્ડ ફ્યુઅલ સેલ ટેકનોલોજી' પર રાષ્ટ્રીય વર્કશોપ યોજાયો



**આણંદ** | વલ્લભ વિદ્યાનગર સ્થિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે TEQIP અને IEI ના સહયોગથી ગ્રીન હાઇડ્રોજન પર એક દિવસીય રાષ્ટ્રીય વર્કશોપનું આયોજન કરાયું હતું. આચાર્ય ડો. વિનય જે. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ઇલેક્ટ્રોલાઇઝર, ફ્યુઅલ સેલ અને સંગ્રહ ટેકનોલોજી અંગે તજજ્ઞો દ્વારા માર્ગદર્શન અપાયુ હતું. આ વર્કશોપમાં વિવિધ ઇજનેરી કોલેજના અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને ઉદ્યોગના એન્જિનિયર્સ સહિત ૬૫થી વધુ સહભાગીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. મુખ્ય અતિથિ પ્રફુલ ખાંડેરિયાના હસ્તે પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### ચારુસેટમાં 29મીથી એઆઈયુ વેસ્ટ ઝોન મહિલા બેડમિન્ટન ટુર્નામેન્ટ યોજાશે

**આણંદ** | ચારુસેટ યુનિવર્સિટી ખાતે એસોસિયેશન ઓફ ઇન્ડિયન યુનિવર્સિટીઝ દ્વારા વેસ્ટ ઝોન ઇન્ટર-યુનિવર્સિટી મહિલા બેડમિન્ટન ટુર્નામેન્ટ 2026-27 નું આયોજન કરાયું છે. આગામી 29મી ઓક્ટોમ્બરથી 2જી નવેમ્બર દરમિયાન યોજાનારી આ સ્પર્ધામાં પાંચ રાજ્યોની 115થી વધુ યુનિવર્સિટીઓ ભાગ લેશે. આ ટુર્નામેન્ટમાં 500થી વધુ મહિલા ખેલાડીઓ તેમજ 160થી વધુ પ્રશિક્ષકો અને વ્યવસ્થાપકો ઉપસ્થિત રહેશે. આ સ્પર્ધાનો ઉદ્ઘાટન સમારોહ 29મીની સવારે 11 વાગ્યે અને સમાપન સમારોહ 2 નવેમ્બરે સાંજે 4 વાગ્યે યોજાશે. આ પ્રતિષ્ઠિત આયોજન ચારુસેટના પ્રોવોસ્ટ ડો. અતુલ પટેલ અને રજીસ્ટ્રાર ડો. બિનિત પટેલના માર્ગદર્શન હેઠળ થઈ રહ્યું છે. ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી ડો. પ્રિતેશ પટેલે આ ઇન્ટર-યુનિવર્સિટી ટુર્નામેન્ટની યજમાનીને ચારુસેટ માટે ગૌરવરૂપ ગણાવી હતી. આ ટુર્નામેન્ટ મહિલા ખેલાડીઓમાં રમતગમતની પ્રતિભા, આત્મવિશ્વાસ, શિસ્ત અને ખેલદિલીને પ્રોત્સાહન પૂરું પાડશે.